


# બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૨ માટે આજરોજ રાજ્યના રાજ્યપાલશ્રી તરફથી લોકપ્રતિનિધિત્વ અધિનિયમ -

**બીજા તબક્કાની ચૂંટણીમાં :**
- ૯૫ બેઠકો
- ૨૩૩૧૮ મતદાન મથકો
- ૧.૯૭ કરોડ ઉપરાંત મતદારો
- ૧૪,૧૭૫ મતદાન મથક સ્થળ

૧૯૫૧ની કલમ-૧૫(૨) હેઠળ તેમજ ભારતના ચૂંટણી પંચ દ્વારા આ અધિનિયમની કલમ-૩૦ અને ૫૬ અન્વયે ચૂંટણી કાર્યક્રમનું જાહેરનામું બહાર પાડવામાં આવતા ગુજરાતમાં દ્વિતિય તબક્કાની ચૂંટણી પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થયો છે. બીજા તબક્કાની ચૂંટણીઓ અંગેની વિગતવાર માહિતી આપતા રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનીતા કરવલે જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૨ના બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે તારીખ ૧૭મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ મતદાન યોજાનાર છે. તા. ૨૩મી નવેમ્બર-૨૦૧૨થી તા. ૩૦મી નવેમ્બર ૨૦૧૨ સુધી ઉમેદવારીપત્રો ભરવાના દિવસો દરમિયાન તારીખ ૨૫-૧૧-૧૨ના રોજ રવિવાર જાહેર રજા હોઈ આ દિવસે ઉમેદવારીપત્રો ભરી શકશે નહીં. ૧લી ડિસેમ્બર-૨૦૧૨, શનિવારના દિવસે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે. તા. ૩-૧૨-૧૨ સુધીમાં ઉમેદવારો તેમનાં ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકશે. તા. ૧૭મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ સવારે ૮-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક સુધી ગુજરાત રાજ્યમાં ૯૫ બેઠકો માટે બીજા તબક્કાની ચૂંટણી માટે મતદાન યોજાશે. તારીખ ૨- ૨૦મી ડિસેમ્બર - ૨૦૧૨ના રોજ ગુજરાતની તમામ બેઠકોની મતગણતરી થશે. તારીખ - ૨૪મી ડિસેમ્બરના રોજ ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૨ની ચંટણી પ્રક્રિયા પૂર્ણ થશે.

મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ કહ્યું કે, ગુજરાત રાજ્યનાં ૨૬ જિલ્લાના ૨૨૫ તાલુકાની ૧૮૨ વિધાનસભા બેઠકો પૈકી ૯૫ બેઠકોની ચૂંટણી બીજા તબક્કામાં યોજાશે. બીજા તબક્કામાં ૨૩૩૧૮ મતદાન મથકો ઉપર ૧.૯૭ કરોડ ઉપરાંત મતદારો તેમનો મત આપશે. બીજા તબક્કાના ૨૩૩૧૮ મતદાન મથકો ૧૪,૧૭૫ મતદાન મથક સ્થળ (પોલિંગ સ્ટેશન લોકેશન) પૈકી ૧૧૪૨૪ મતદાન મથક સ્થળ ગ્રામ્ય વિસ્તારમાં છે જ્યારે ૨૭૫૧ મતદાન મથક સ્થળ શહેરી વિસ્તારમાં આવેલાં છે.

મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૨ના બીજા તબક્કાની ૯૫ બેઠકોની વિગતો આપતાં જણાવ્યું કે, નવા સીમાંકન મુજબ બીજા તબક્કાની ૯૫ બેઠકોમાં ૧ - અબડાસા, ૨ - માંડવી, ૩ - ભૂજ, ૪ - અંજાર, ૫ - ગાંધીધામ, ૬ - રાપર, ૭ - વાવ, ૮ - થરાદ, ૯- ધાનેરા, ૧૦ - દાંતા (અ.જ.જા), ૧૧ - વડગામા (અ.જા), ૧૨ - પાલનપુર, ૧૩ - ડીસા, ૧૪ - દિયોદર, ૧૫ - કાંકરેજ, ૧૬ - રાધનપુર, ૧૭ - ચાણસ્મા, ૧૮ - પાટણ, ૧૯ - સિધ્ધપુર, ૨૦ - ખેરાલુ, ૨૧ - ઊંઝા, ૨૨ - વિસનગર, ૨૩ - બેચરાજી, ૨૪ - કડી (અ.જા.), ૨૫ - મહેસાણા, ૨૬ - વિજાપુર, ૨૭, હિંમતનગર, ૨૮ - ઈડર (અ.જા.), ૨૯ - ખેડબ્રહ્મા (અ.જ.જા), ૩૦ - ભીલોડા (અ.જ.જા), ૩૧ - મોડાસા, ૩૨ - બાયડ, ૩૩ - પ્રાંતિજ, ૩૪ - દહેગામ, ૩૫ - ગાંધીનગર દક્ષિણ, ૩૬ - ગાંધીનગર ઉત્તમ, ૩૭ - માણસા, ૩૮ - કલોલ, ૪૧ - ઘાટલોડિયા, ૪૨ - વેજલપુર, ૪૩ - વટવા, ૪૪ - એલીસબ્રીજ, ૪૫ - નારણપુરા, ૪૬ - નિકોલ, ૪૭ - નરોડા, ૪૮ - ઠક્કરબાપા નગર, ૪૯ - બાપુનગર, ૫૦ - અમરાઈવાડી, ૫૧ - દરિયાપુર, ૫૨ - જમાલપુર-ખાડીયા, ૫૩ - મણીનગર, ૫૪ - દાણીલીમડા (અ.જા), ૫૫ - સાબરમતી, ૫૬ - અસારવા (અ.જા.), ૫૭ - દસક્રોઈ, ૧૦૮ - ખંભાત, ૧૦૯ - બોરસદ, ૧૧૦ - આંકલાવ, ૧૧૧ - ઉંમરેઠ, ૧૧૨ - આનંદ, ૧૧૩ - પેટલાદ, ૧૧૪ - સોજીત્રા, ૧૧૫ - માતર, ૧૧૬ - નડિયાદ, ૧૧૭ - મહેમદાવાદ, ૧૧૮ - મહુવા, ૧૧૯ - ઠાસરા, ૧૨૦ - કપડવંજ, ૧૨૧ - બાલાસિનોર, ૧૨૨ - લુણાવાડા, ૧૨૩ - સંતરામપુર (અ.જ.જા), ૧૨૪ - શહેરા, ૧૨૫ - મોરવા હડફ (અ.જ.જા), ૧૨૬ - ગોધરા, ૧૨૭ - કાલોલ, ૧૨૮ - હાલોલ, ૧૨૯ - ફતેપુર (અ.જ.જા), ૧૩૦ - ઝાલોદ (અ.જ.જા.), ૧૩૧ - લીમખેડા (અ.જ.જા), ૧૩૨ - દાહોડ (અ.જ.જા), ૧૩૩ - ગરબાડા (અ.જ.જા), ૧૩૪ - દેવગઢ બારિયા, ૧૩૫ - સાવલી, ૧૩૬ - વાઘોડીયા, ૧૩૭ - છોટા ઉદેપુર (અ.જ.જા), ૧૩૮ - જેતપુર (અ.જ.જા), ૧૩૯ - સંખેડા (અ.જ.જા), ૧૪૦ - ડભોઈ, ૧૪૧ - વડોદરા શહેર (અ.જા.), ૧૪૨ - સયાજીગંજ, ૧૪૩ - અકોટા, ૧૪૪ - રાવપુરા, ૧૪૫ - માંજલપુર, ૧૪૬ - રાદરા, ૧૪૭ - કરજણનો સમાવેશ થાય છે.

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી અનીતા કરવલે કહ્યું કે, મતદારોને એપીક કાર્ડ આપવાની કામગીરી ૯૯.૫૦ ટકા જેટલી પુરી કરવામાં આવી છે. આ ઉપરાંત ફોટાવાળી મતદાર યાદી તૈયાર કરવાની કામગીરી પણ ૯૯.૯૭ ટકા જેટલી પુર્ણ થઈ છે.

## કોંગ્રેસે બીજી યાદી જાહેર કર્યા પૂર્વે ઉમેદવારોને મેન્ડેટ આપ્યા

### વિરોધ ન થાય એ માટે કોંગ્રેસે વ્યૂહ અપનાવ્યો : ઉમેદવારોને ટેલિફોનિક સૂચના આપીને મેન્ડેટ પહોંચતા કરાતાં ઉમેદવારોએ ફોર્મ પણ ભરી દીધાં : ભારે ગૂંચવણ

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસની પ્રથમ યાદી બાવન ઉમેદવારોની જાહેર થયા બાદ જોરદાર વિરોધ થતાં તેથી કોંગ્રેસના અગ્રણીઓએ નવો જ રસ્તો અપનાવ્યો હતો. અને બીજી યાદીમાં જે ઉમેદવારોને પસંદ કરવામાં આવ્યા હતા. તે ઉમેદવારોનો ટેલિફોનિક સંપર્ક સાધીને સીધા જ મેન્ડેટ મોકલી આપવામાં આવ્યા હતા. અને શુક્રવારે મોડી સાંજ સુધીમાં સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી ન હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે કોંગ્રેસની બાવન ઉમેદવારોની પ્રથમ યાદી પ્રસિદ્ધ થતાં જ ગઈકાલે જ કોંગ્રેસ પક્ષમાં અસંતોષની આગ ભભૂકી ઉઠી હતી. કેટલીક બેઠકો પર દાવેદારને ટિકીટ ન મળતાં કાર્યકરોના ટોળાં રાજીવ ગાંધી ભવન ખાતે ઉમટી પડ્યા હતા. પ્રદેશ કાર્યાલયમાં કોઈ તોડફોડ ન થાય તે માટે આજે પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તેમજ આજે બપોરે બીજી યાદી જાહેર કરવાની હતી પણ પ્રચંડ વિરધ થાય તે પહેલા કોંગ્રેસના અગ્રણીઓએ વ્યૂહ અપનાવી આગોતરું આયોજન કર્યું હતું. આજે પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવા તમામ ઉમેદવારોને ટેલિફોનથી જાણ કરીને તેમને પક્ષના મેન્ડેટ પહોંચાડી દેવામાં આવ્યા હતા. અને ઘણા બધા ઉમેદવારોએ ફોર્મ પણ ભરી દીધા હતા. છતાં કોંગ્રેસ તરફથી સાંજ સુધીમાં મિડીયાને કોંગ્રેસના ઉમેદવારોની બીજી યાદી સત્તાવાર આપવામાં આવી હતી.

## મંત્રીઓએ સરકારી મોબાઈલ ફોનનું બિલ અંગત રીતે ભરવું પડશે

ગાંધીનગર, તા. ૨૩

રાજયના મંત્રીમંડળના સભ્યશ્રીઓ, સંસદીય સચિવશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓને સરકારી મોબાઈલ ફોન સુવિધા પુરી પાડેલ છે. હાલમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયા અન્વયે આદર્શ આચાર સંહિતા અમલમાં હોઈ, રાજયના મંત્રીમંડળના તમામ સભ્યશ્રીઓ, સંસદીય સચિવશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓ કે જેઓને સરકારી મોબાઈલ ફોન સુવિધા પુરી પાડવામાં આવી છે તેમના સરકારી મોબાઈલ ફોનનું બિલ તા. ૩-૧૦-૨૦૧૨થી આદર્શ આચાર સંહિતા અમલમાં રહે ત્યાં સુધી તેઓએ અંગત રીતે ભરવાનું રહેશે.

આચાર સંહિતા અમલમાં હોય તે સમય દરમિયાન, તેઓશ્રીને ફાળવવામાં આવેલ સરકારી મોબાઈલ ફોન નંબરને પ્રિન્ટ મિડિયામાં, ઈલેકટ્રોનિક મિડિયામાં કે કોઈ પણ પ્રકારના પ્રસિધ્ધિના માધ્યમમાં કે અન્ય કોઈ રીતે કયાંય દર્શાવવાનો રહેશે નહિ તેમ સામાન્ય વહીવટ વિભાગ-સચિવાલય ગાંધીનગરના પરિપત્રથી જણાવાયું છે.



ભાજપ ઓફિસ પર સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. થ્રીડી લાઈવ કાર્યક્રમની બાબતે પણ મોટી ચર્ચાને સ્વરૂપ આપ્યું છે.

## ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા વિસ્તારો માટે નિયુક્ત ખર્ચ નિરીક્ષકો સાથે નોડલ પ્રતિનિધિઓની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી તા. ૧૭-૧૨-૨૦૧૨ યોજાનાર છે. આ ચૂંટણીની ખર્ચ સંબંધી કામગીરી અર્થે ખર્ચ નિયંત્રણ નિરીક્ષણ અર્થે ભારતના ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત ખર્ચ નિરીક્ષકશ્રીઓનું ગાંધીનગર કાતે આગમન થઈ ગયેલ છે.

આજરોજ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને અને ૩૫-ગાંધીનગર (દક્ષિણ), ૩૮-કલોલ મતદાર વિભાગના ખર્ચ નિરીક્ષક શ્રી રાકેશકુમાર તેમજ ૩૪-દહેગામ, ૩૬-ગાંધીનગર (ઉત્તર), ૩૭-માણસા મતદાર વિભાગ માટેના ખર્ચ નિરીક્ષક શ્રી કે.વી. ગણેશપ્રસાદની ઉપસ્થિતિમાં નોડલ અધિકારીશ્રીઓની બેઠક યોજવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપે ખર્ચ નિરીક્ષકશ્રીઓનું ભાવભર્યું સ્વાગત કરી તેઓશ્રીઓનો પરિચય આપ્યો હતો. સાથે જ જિલ્લામાં કાર્યરત કરાયેલ વિવિધ ટીમોની કામગીરીની વિગતો આપી હતી. જિલ્લાની ચૂંટણીલક્ષી કામગીરી સાથે સંકળાયેલ વિવિધ ટીમોના નોડલ અધિકારીઓએ પોતાના પરિચયની સાથે અત્યાર સુધીમાં કરવામાં આવેલ કામગીરીની વિગતો રજૂ કરી હતી.

જિલ્લા ચૂંટણી તંત્રની વિવિધ ટીમોની રચના અને તેની કામગીરી અંગેનું પ્રેઝન્ટેશન ચીફ નોડલ અધિકારી, એકસ્પેન્ડિચર મોનિટરિંગ સેલ અને નિવાસી અધિક કલેક્ટરશ્રી ડૉ. એમ.ડી. મોડિયાએ રજૂ કર્યું હતું. ચીફ કો-ઓર્ડિનેટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.જે. ભટ્ટે ખર્ચ સંબંધી કામગીરીની જિલ્લા ટીમોની માહિતી આપી હતી.

આભારવિધિ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર. મનસુરીએ કરી હતી. બેઠકમાં વિવિધ ટીમોના નોડલ અધિકારીઓ તથા મદદનીશ ખર્ચનિરીક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## અતિપછાત ગણાતી સેનમા જ્ઞાતિને પ્રતિનિધિત્વ આપવા બદલ સમગ્ર સેનમા સમાજનો આવકાર

ગાંધીનગર, તા. ૨૩

આઝાદી પછીના ૬૫ વર્ષમાં દલિતોમાં અતિપછાત ગણાતી સેનમા જ્ઞાતિને દસાડા વિધાનસભા બેઠક પર સેનમા સમાજના અગ્રણી શ્રી પૂનમભાઈ મકવાણાને ટીકીટ આપવા બદલ ગુજરાતનો સમગ્ર સેનમા સમાજ ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો અંતઃકરણપૂર્વક ખૂબ ખુબ આભાર માને છે અને અતિ પછાત જ્ઞાતિઓ પરત્વેની સરકારશ્રીની આવી ઉમદા લાગણીઓને ફુલડે વધાવી લાખ લાખ અભિનંદન પાઠવે છે. ગુજરાતનો સમગ્ર સેનમા સમાજ તેમજ દલિતોમાં અતિપછાત ગણાતી જ્ઞાતિઓ ભાજપના પડખે રહેશે અને ભાજપના ભવ્ય વિજયમાં અતિપછાત જ્ઞાતિઓ પૂરક બને તેવો ઉંચો આશાવાદ ગુજરાત સેનવા રાવત વિકાસ સંગના મહામંત્રી શ્રી રમેશભાઈ ગુંજેટીયા, ચંદનભાઈ રાણા, અમૃતભાઈ પરમાર, ડાહ્યાભાઈ રાવત, હિતેશ મકવાણાએ વ્યક્ત કર્યો છે.

## સ્વામી વિવેકાનંદની સાથે નરેન્દ્ર મોદીની તુલના કરતા પુસ્તકે વિવાદ જગાવ્યો

ગાંધીનગર, તા. ૨૩

ચૂંટણીનો માહોલ એકદમ ગરમાઈ ચુક્યો છે ત્યારે પાલનપુરના એક લેખક દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પર લખાયેલા પુસ્તકે ભારે વિરોધ જગાવ્યો છે. એક નરેન્દ્ર ધર્મધુરંધર અને એક નરેન્દ્ર કર્મધુરંધર નામના આ પુસ્તકમાં લેખકે વિશ્વવિભુતિ સ્વામી વિવેકાનંદ સાથે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની તુલના કરવાનો પ્રયાસ કરતા વિવાદ ઘેરાતો જાય છે.

પાલનપુરના લેખક રશ્મિકાંત જોશીએ આ પુસ્તક લખ્યુ છે. આ પુસ્તકમાં તેઓએ વિશ્વવિભુતિ સ્વામી વિવેકાનંદજી સાથે મુખ્યમંત્રીની તુલનાનો પ્રયાસ કર્યો છે. જેનો કોંગ્રેસ દ્વારા વિરોધ કરાયો છે. બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસના પ્રવક્તા ડામરાજી રાજગોરે આ પુસ્તક પર પ્રતિબંધની માંગ કરી છે. આદર્શ આચારસંહિતાના અમલ વચ્ચે આ પુસ્તકના વિતરણ સામે પાબંધી લગાવવાની માંગ કરાઈ છે. આ પુસ્તકમાં વિશ્વવિભુતિ સ્વામી વિવેકાનંદજી અને ગુજરાતના વર્તમાન શાસક નરેન્દ્ર મોદીની જન્મકુંડળી અને તેમના સ્વભાવગત લક્ષણો સહિત તેઓના જીવનદર્શનમાં ૧૮ જેટલી સામ્યતાઓ દર્શાવાઈ છે. લેખકે પોતાના આ મૌલિક પ્રયાસને યોગ્ય ઠેરવ્યો છે. અને જણાવ્યું છે કે તેઓને ભાજપ કે તેની ભગીની સંસ્થાઓ કે પછી ખુદ નરેન્દ્ર મોદી સાથે કોઈ લેવા દેવા નથી. બંને વચ્ચેની સામ્યતાઓને ઉજાગર કરવાનો જ આ પ્રયાસ છે તેમ તેમણે જણાવ્યું છે.

## ચૂંટણીની વિવિધ મંજૂરી માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સિંગલ વિન્ડો સિસ્ટમ

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી- ૨૦૧૨ અંતર્ગત ચૂંટણીની વિવિધ મંજૂરી માટે ઉમેદવારોને જુદી જુદી કચેરીઓમાં ફરવું ના પડે તે માટે જિલ્લા સેવા સદન તેમજ ચારેય તાલુકામાં મામલતદાર કચેરી ખાતે સિંગલ વિન્ડો સિસ્ટમ આજથી શરૂ કરવામાં આવી છે. આ સિંગલ વિન્ડો સિસ્ટમ ચૂંટણી -ક્રિયા સંપન્ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.


રાજકીય પક્ષો અને ઉમેદવારોને સભાઓ યોજવા માટેની પરવાનગી, વાહનોના ઉપયોગ તથા માઈકના ઉપયોગ માટે જેવી અન્ય મંજૂરીઓ મેળવવામાં સરળતા રહે તે માટે જિલ્લા તંત્ર દ્વારા સુચારું આયોજન કરીને સિંગલ વિન્ડો સિસ્ટમ અમલી બનાવવામાં આવી છે. જિલ્લા સેવા સદન અને ચાર તાલુકાની મામલતદાર કચેરીઓ ખાતે સિંગલ વિન્ડો સિસ્ટમ ખોલવવામાં આવી છે. જયાં આર.ટી.ઓ, પોલીસ, મામલતદાર તેમજ સંબંધિત કચેરીઓના -તિનિધિઓ ઉપસથિત રેહશે. સિંગલ વિન્ડો સિસ્ટમથી સવારે અરજી આપ્યા બાદ સાંજ સુધીમાં મંજૂરીની -ક્રિયા સંપન્ન કરી દેવામાં આવશે.

ગુજરાતના મુખ્યમંત્રીઓના વાયદા.....

## ચીમનભાઈ પટેલનું નયા ગુજરાત નરેન્દ્ર મોદીનું દિવ્ય-ભવ્ય ગુજરાત

### સત્તા પર આવેલા મુખ્યમંત્રીઓએ ચૂંટણી પૂર્વે ગુજરાતની જનતાને આપેલા વચનોઃછબીલદાસનું ઈકોનોમિક ટાઈગર અને માધવસિંહનું મીની જાપાન

ગુજરાતની ઓળખ શું છે તેવો પ્રશ્ન ચૂંટણી સમયે પૂછવામાં આવે તો સત્તાધારી મુખ્યમંત્રી વચનોથી તેને નવાજે છે. રાજયની કાયાપલટ કરવાના વચનો આપે છે અને કામ કરવા જાય છે ત્યારે પાર્ટીમાં ટાંટીયાખેંચની રમત શરૂ થાય છે. ગુજરાતનો રાજકીય ઈતિહાસ જોઈએ તો જીવરાજ મહેતા થી નરેન્દ્ર મોદી સુધીના ૧૪ મુખ્યમંત્રીઓ પાર્ટીમાં મતભેદો અને બળવાનો ભોગ બનેલા છે. કોઈની સત્તા છીનવાઈ છે તો કોઈને હાઈકમાન્ડે પછાડ્યા છે. આંતરિક અસંતોષનો ભોગ તમામને



બનવું પડ્યું છે. ગુજરાતની સ્થાપના પછી અત્યાર સુધીમાં ૧૪ મુખ્યમંત્રી સત્તા ઉપર આવ્યા છે, જે પૈકી ૧૦ મુખ્યમંત્રીઓએ -જાને હથેળીમાં ચાંદ બતાવવાની કોશિષ કરી છે. કોઈના વચનો અધુરાં રહ્યાં છે, તો કોઈના વચનો પાળી શકાયા નથી, અથવા તો પાર્ટીના નેતાઓએ વચનો -માણે જે તે મુખ્યમંત્રીને શાંતિથી કામ કરવા દીધું નથી.

ડો. જીવરાજ મહેતા, બળવંતરાય મહેતા, ઘનશ્યામ ઓઝા અને હિતેન્દ્ર દેસાઈ ગુજરાતના વિકાસ માટે ચૂપચાપ કામ કરવા માગતા હતા. તેમણે -જાને એવાં કોઈ વચનો આપ્યાં નથી કે જે પૂરાં કરી ન શકાય. ખુશીની વાત એવી છે કે આ મુખ્યમંત્રીઓના શાસનમાં મોંઘવારી કાબૂમાં હતી.

બાબુભાઈ જ. પટેલે કોઈ વચન આપ્યાં ન હતા પરંતુ નર્મદા યોજના માટે કેન્દ્ર સાથે મંત્રણા કરીને ગુજરાતને લાભ અપાવ્યો હતો. મોરબીમાં મચ્છુ હોનારત વખતે એક મહિના સુધી તેઓ સચિવાલયને મોરબીમાં લઈ ગયા હતા.

જનતાદળ ગુજરાતના નેતા અને પાછળથી કોંગ્રેસમાં ભળી ગયેલા ચીમનભાઈ પટેલે ઔદ્યોગિક વિકાસની સાથે નયા ગુજરાતનો કોલ આપ્યો હતો. તેઓ બે વખત મુખ્યમંત્રી બનેલા છે.

સત્તાના પાંચ વર્ષ પૂર્ણ કરનારા અને ત્રણ વખત મુખ્યમંત્રી બનેલા માધવસિંહ સોલંકીએ ગુજરાતને મીની જાપાન બનાવવાનું -જાને વચન આપ્યું હતું પણ તેઓનો સંકલ્પ ફાઈલોમાં રહી ગયો હતો.

અમરસિંહ ચૌધરીએ સામાજીક ઉત્કર્ષ અને વિકાસનું સૂત્ર આપ્યું હતું. કોમી તોફાનો તેઓ નિયંત્રિત કરી શક્યા હતા અને દુષ્કાળની ભૂતાવળ પાર કરી હતી. તેમના શાસનની આ બે મોટી ઉપલબ્ધિ છે.


છબીલદાસ મહેતાને સંજોગોએ સીએમ બનાવ્યા હતા. તેમણે ગુજરાતને ઈકોનોમિક ટાઈગરનું બિરૂદ આપી સમૃદ્ધ ગુજરાતનું સ્વપ્ન જોયું હતું પણ તેમને સત્તામાં સમય ઓછો પડ્યો હતો.

ભાજપના -થમ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે ૧૯૯૫માં ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતનો કોલ આપ્યો હતો, જયારે ૧૯૯૮માં તેઓ સલામત, સમૃદ્ધ, સ્વાભિમાની, સંસ્કારી, સમરસ, શુદ્ધાચારી ગુજરાતનું વચન લઈને આવ્યા હતા.

સંજોગોએ સીએમ બનાવ્યા હતા તેવા સુરેશ મહેતાએ ગૌરવવંતા અને ઔદ્યોગિક ગુજરાતની કલ્પના આપી હતી. ભાજપમાં બળવો કરીને મુખ્યમંત્રી બનેલા શંકરસિંહ વાઘેલાએ શ્રેષ્ઠ ગુજરાતનું વચન આપ્યું હતું પણ પરિણામ સિદ્ધ કરી શક્યા નહી. તેમના પછી સત્તામાં આવેલા દિલીપ પરીખે આદર્શ ગુજરાતનો એજન્ડા બનાવ્યો હતો.

છેલ્લે નરેન્દ્ર મોદી ૨૦૦૧માં સત્તામાં આવ્યા હતા અને તેમના

**ગુજરાતની ભૂમિના રાજા** - ગૌતમ પુરોહિત



નેતૃત્વમાં ૨૦૦૨ અને ૨૦૦૭ની ચૂંટણી લડાઈ છે. ૨૦૦૨માં મોદીએ વાયબ્રન્ટ ગુજરાતનો કોલ આપ્યો હતો. ૨૦૦૭માં આપણું ગુજરાત આગવું ગુજરાતનો સંદેશો હતો અને હવે ૨૦૧૨માં મોદીએ દિવ્ય-ભવ્ય ગુજરાત બનાવવાનું -જાને વચન આપ્યું છે, જયારે કોંગ્રેસે દશા અને દિશા બદલવાની સાથે પરિવર્તનનો કોલ કર્યો છે.

